# ગ્રામ વિકાસ વિભાગ

## ગ્રામ વિકાસ વિભાગની વર્ષ ૨૦૨૪–૨૫ ની માંગણીઓ પરની ચર્ચા અંગે

## શ્રી કુંવરજીભાઇ હળપતિ

## માનનીય રાજયકક્ષાના મંત્રીશ્રી, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનું પ્રવચન

**માનનીય અધ્યક્ષશ્રી,**

- આ સન્માનનીય ગૃહના માનનીય સભ્યશ્રીઓએ ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની વર્ષ ૨૦૨૪–૨૫ માટેની માંગણીઓ પરની ચર્ચામાં ગામડાના લોકોના ઉત્કર્ષ માટે તથા સામાન્ય પ્રજાજનની સુખાકારી માટે તેમણે કરેલ સૂચનોને હું હૃદયપૂર્વક આવકારૂ છું તથા અંત:કરણપૂર્વક તેઓનો આભાર માનું છું.
- માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળની અમારી સરકાર, યોગ્ય સૂચનોને વિશાળ હિતમાં જ્યાં જરૂર જણાય ત્યાં વિચારણા હેઠળ લેવા માટે કટિબદ્ધ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

- આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત માન. વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં મહત્તમ લોકોને યોજનાકીય લાભ મળે અને તેમના જીવન ધોરણમાં બદલાવ આવે તે માટે સરકાર કટીબધ્ધ છે. ગુજરાત રાજ્યમાં થયેલા વિકાસ કાર્યોની સુવાસ સમગ્ર દેશમાં પ્રસરી રહી છે. ગુજરાત રાજ્યને વિકાસની તેજ રફતારને વધુ ગતિએ આગળ લઈ જવામાં ડબલ એન્જિનની સરકારનો લાભ મળી રહ્યો છે. સમગ્ર યોજનાઓના સર્વગ્રાહી અમલીકરણથી ગુજરાત રાજય વિકાસનું રોલ મોડલ બન્યુ છે.
- દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી તેમણે ગ્રામ વિકાસની જે સંકલ્પના આપી હતી કે જેનો ધ્યેય ગ્રામ્ય જનતાને શહેરો જેવી તમામ માળખાકીય સુવિધાઓ પુરી પાડીને ગ્રામ્ય જીવનને ઉન્નત બનાવવાનો હતો તેના પર સતત પ્રયત્નશીલ રહેવા માટે પ્રતિબધ્ધ છીએ. મને કહેતા આનંદ થાય છે કે, આપણે ગામડાના નાગરિકોને પાકા ઘરો, યુવાનોને કૌશલ્ય વર્ધક તાલીમ, રોજગારી, સ્વચ્છતા અને વૈકલ્પિક ઉર્જા, સ્વચ્છ વાતાવરણ, આરોગ્ય વિગેરે

મુળભૂત સુવિધાઓ આપી ગામડા આત્મનિર્ભર બને અને તેઓનો સર્વાંગી વિકાસ થાય એવા આશયથી માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકાર અને માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકાર અનેકવિધ યોજનાઓનું અમલીકરણ કરી રહી છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

- મારા ગ્રામ વિકાસ પ્રભાગ દ્વારા કેન્દ્ર તથા રાજય સરકાર પુરસ્કૃત નીચેની યોજનાઓનું અમલીકરણ કરવામાં આવે છે.

**(૧) પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ),**

**(૨) સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ),**

**(૩) રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન**

**(૪) મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી યોજના**

**(૫) પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના**
**(વોટરશેડ ડેવલોપમેન્ટ કમ્પોનન્ટ)**

**માનનીય અધ્યક્ષશ્રી,**

આગામી નાણાકીય વર્ષ ૨૦૨૪–૨૫ ના અંદાજપત્રમાં કુલ **રૂપિયા ૩૩૮૩ કરોડ ૫૭ લાખ અને મુડી ખર્ચ માટે રૂપિયા ૭૦ લાખ** જેટલી માતબર રકમની જોગવાઈ સૂચવવામાં આવેલ છે, જેમાં વિભાગ કક્ષાએ વર્ષ ૨૦૨૪–૨૫ માં કુલ **રૂપિયા ૫૦૯ કરોડ ૨૦ લાખ**ની નવી બાબત તરીકે મંજૂરી મળેલ છે. જેના માટે હું ગુજરાતના સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને નાણામંત્રીશ્રી કનુભાઈ દેસાઈનો સમગ્ર રાજયના લાભાર્થીઓ વતી આભાર વ્યક્ત કરું છું.

## **પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ)**

- માન. વડાપ્રધાનશ્રી દ્વારા વર્ષ–૨૦૨૪ સુધીમાં ઘર વિહોણા પરિવારોને પોતાનું પાકુ ઘરનું ઘર પ્રદાન કરવાનો દ્રઢ સંકલ્પ પરીપુર્ણ કરવા સારૂ ગ્રામ્ય વિસ્તારમાં **“સામાજિક-આર્થિક મોજણી અભ્યાસ-૨૦૧૧”** મુજબ પાત્રતા ધરાવતા ઘરવિહોણા તેમજ કાચા આવાસ ધરાવતા લોકોને નાણાંકીય સહાય પુરી પાડી નવા પાકા આવાસના બાંધકામ માટે સહાયરૂપી બની સંકલ્પ પુરો કરવા માટે અમારી સરકાર કટિબધ્ધ છે.
- લાભાર્થીના આવાસ બાંધકામ સમયે પડતી નાણાંકીય મુશ્કેલી ધ્યાને લઈને મારા અને કેબીનેટ મંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલના પ્રયત્નોથી લાભાર્થીઓને આપવામાં આવતા બીજા હપ્તાની રકમ **રૂપિયા ૫૦ હજારથી વધારીને રૂપિયા ૮૦ હજાર** કરવામાં આવી છે. હવે, પ્રથમ હપ્તાની રકમ **૩૦ હજાર,** બીજા હપ્તાની રકમ **૮૦ હજાર** તથા ત્રીજા હપ્તાની રકમ **૧૦ હજાર** એમ કુલ એક આવાસ દીઠ **૧ લાખ ૨૦ હજાર**ની સહાય આપવામાં આવે છે. આ ઉપરાંત મનરેગા હેઠળ લાભાર્થીને રોજગારી પેટે **રૂપિયા ૨૩ હજાર ૪૦** ની સહાય અને સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) હેઠળ શૌચાલય બાંધકામ માટે **૧૨ હજાર** એમ કુલ **રૂપિયા ૧ લાખ ૫૫ હજાર ૪૦** ની સહાય મળવાપાત્ર થાય છે.
- આ ઉપરાંત રાજ્ય સરકારની ૧૦૦ ટકા ફંડ ધરાવતી **“મુખ્યમંત્રી પ્રોત્સાહક સહાય યોજના”** હેઠળ પ્રથમ હપ્તો મળ્યાના છ માસમાં બાંધકામ ભૌતિક રીતે પૂર્ણ કરનાર લાભાર્થીઓને **૨૦ હજાર**ની પ્રોત્સાહક સહાય આપવામાં આવે છે. જે અંતર્ગત વર્ષ ૨૦૨૩–૨૪ દરમિયાન **૩૫ હજાર ૩૬** લાભાર્થીઓ માટે **રૂપિયા ૭૨ કરોડ ૭ લાખ** જેટલી રકમ જિલ્લાઓને ચુકવવામાં આવેલ છે.
- મહિલા લાભાર્થીઓને ધ્યાનમાં રાખીને, રાજય સરકારની ૧૦૦ ટકા ફંડ ધરાવતી ઘરની સાથે બાથરૂમના બાંધકામ માટે લાભાર્થી દીઠ **૫ હજાર**ની

વધારાની સહાય આપવામાં આવે છે. જે અંતર્ગત વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન **૩૮ હજાર**થી વધુ લાભાર્થીઓ માટે **રૂપિયા ૧૯ કરોડ ૩ લાખ** જેટલી રકમ જિલ્લાઓને ચુકવવામાં આવેલ છે.

- આમ, જો કોઇ લાભાર્થી સમય મર્યાદામાં બાથરૂમ સાથે પોતાના આવાસનું બાંધકામ પૂર્ણ કરે તો તેને **રૂપિયા ૧ લાખ ૮૦ હજાર** જેટલી માતબર રકમ મળવાપાત્ર થાય છે.
- પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત વર્ષ ૨૦૧૬-૧૭ થી ૨૦૨૨-૨૩ દરમ્યાન **કુલ ૬ લાખ ૩ હજાર ૮૧૬ ના** લક્ષ્યાંક સામે **૬ લાખ ૩ હજાર ૬૫૫** આવાસોની મંજુરી આપવામાં આવેલ છે અને જેમાં **કુલ ૫ લાખ ૧૫ હજાર ૭૭૪** આવાસોના બાંધકામ પુર્ણ કરવામાં આવેલ છે. જેમાં રાજયએ છેલ્લા ૬ વર્ષમાં ફાળવવામાં આવેલ કુલ **લક્ષ્યાંકના ૮૫%** જેટલી સિદ્ધિ હાંસલ કરેલ છે.
- પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત વર્ષ ૨૦૨૨-૨૩માં ભારત સરકારશ્રીના **૧ લાખ ૮૪ હજાર ૬૦૫** આવાસોના બાંધકામનો લક્ષ્યાંક સામે **૧ લાખ ૬૮ હજાર ૪૩૫** આવાસોની મંજુરી આપવામાં આવેલ છે અને **૯૮ હજાર ૨૭૭** આવાસોના બાંધકામ પુર્ણ કરવામાં આવેલ છે.
- વર્ષ ૨૦૨૪-૨૫ માટે પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત રકમ રૂપિયા **૭૫૦ કરોડ ૮૩ લાખની બજેટ જોગવાઈ સૂચવવામાં આવેલ છે.**

**નવી બાબત વર્ષ ૨૦૨૪-૨૫**

- માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ દ્વારા ૧૫મી નવેમ્બર, ૨૦૨૩ના રોજ જનજાતિ ગૌરવ દિવસ અન્વયે આદિવાસી જાતિ અને આદિમ જૂથો, જેમાંથી મોટા ભાગના હજુ પણ જંગલોમાં વસે છે (પીવીટીજી) તેઓ સુધી પહોંચવાના સંકલ્પ સાથે પ્રધાનમંત્રી જનજાતિ

આદિવાસી ન્યાય મહા અભિયાન **(પીએમ–જનમન)** મિશનની શરૂઆત કરવામાં આવેલ. જે અંતર્ગત તેઓને આવાસની સુવિધા પુરી પાડવા વર્ષ ૨૦૨૪–૨૫ માટે કુલ **રૂપિયા ૧૬૪ કરોડ**ની જોગવાઈ સૂચવવામાં આવેલ છે.

- **પીએમ–જનમન** હેઠળ ગુજરાત રાજ્યમાં અત્યાર સુધીમાં **૬ હજાર**થી વધુ લાભાર્થીઓને મંજૂરી આપેલ છે. જે પૈકી **૫ હજાર ૫૭૬**ને પ્રથમ હપ્તાની ચુકવણી કરવામાં આવેલ છે

## સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ)

- રાજયમાં છેલ્લા બે વર્ષમાં પાત્રતા ધરાવતા કુલ **૯૭ હજાર ૨૨૨** નવા કુટુંબો શૌચાલય વિહોણા મળ્યા હતા. જે પૈકી **૬૮ હજાર ૪૬૩** કુટુંબોને જાન્યુઆરી–૨૦૨૪ ના અંત સુધીમાં શૌચાલય સુવિધાથી આવરી લેવાયેલ છે. બાકી રહેલ **૨૮ હજાર ૭૫૯** લાભાર્થીઓને શૌચાલયની સુવિધા પૂરી પાડવામાં આવનાર છે. સાથે સાથે પ્રવાહી કચરાના નિકાલ અને તેના વ્યવસ્થાપન માટે **૪ લાખ ૯૪ હજાર ૫૬૭** વ્યક્તિગત સોકપીટ અને **૬૪ હજાર ૮૫** સામુહિક સોકપીટનું બાંધકામ પૂર્ણ કરવામાં આવેલ છે. ઘન કચરાના વ્યવસ્થાપન માટે જૈવિક કચરાના નિકાલ અર્થે **૨૯ હજાર ૧૮૫** સામૂહિક કમ્પોસ્ટ પીટ અને **૧૨ હજાર ૭૪૫** વ્યક્તિગત કમ્પોસ્ટ પીટનું બાંધકામ પૂર્ણ કરવામાં આવેલ છે. ઘન કચરાના નિકાલ માટે **૧૫ હજાર ૫૮** ગામોમાં કચરાનું ડોર–ટુ–ડોર કલેકશન કરવામાં આવી રહ્યુ છે.
- રાજયમાં **"ગોબરધન યોજના"** અંતર્ગત કુલ **૩૮ કલસ્ટર બેઈઝ** બાયોગેસ પ્લાન્ટ માટેનું આયોજન કરવામાં આવેલ છે. રાજ્યમાં **૭ હજાર ૬૦૦** બાયોગેસ પ્લાન્ટ સ્થાપિત કરવાના લક્ષ્યાંક સામે **૭ હજાર ૨૭૬** બાયોગેસ સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત નેશનલ ડેરી ડેવલોપમેન્ટ બોર્ડ, અમુલડેરી, બનાસડેરી, સાબરડેરી અને

દુધસાગર ડેરીઓને મુખ્ય અમલીકરણ એજન્સીઓ તરીકે નિમવામાં આવેલ છે.

- વર્ષ ૨૦૨૪–૨૫ માં સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) અંતર્ગત ઘન તથા પ્રવાહી કચરાના વ્યવસ્થાપનની વિવિધ પ્રવૃતિઓ માટે **રૂપિયા ૨૭૭ કરોડ ૩૪ લાખની બજેટ જોગવાઇ** સૂચવવામાં આવેલ છે.

**"સ્વચ્છતા હી સેવા ૨૦૨૩" અંતર્ગત કરેલ કામગીરી**

- માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત દેશ વ્યાપી જન ભાગીદારીને પ્રોત્સાહન આપવા માટે મહાત્મા ગાંધીજીની જન્મ જયંતી નિમિતે તા.૧૫/૦૯/૨૦૨૩ થી ૧૫/૧૦/૨૦૨૩ દરમ્યાન **''સ્વચ્છતા હી સેવા''** અભિયાનનો શુભારંભ કરેલ. આ સફાઈ અભિયાનની સફળતા જોતાં માન.મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબ દ્વારા આ અભિયાનને તા.૧૫/૧૨/૨૦૨૩ સુધી લંબાવવામાં આવેલ. આ દરમ્યાન રાજ્યના વિવિધ જાહેર સ્થળોએ માન.સંસદસભ્યશ્રી, માન.ધારાસભ્યશ્રી, અન્ય પદાધિકારશ્રીઓ અને અધિકારીશ્રીઓ, વિવિધ સંસ્થાઓ અને સખીમંડળના સભ્યોએ સફાઇ કાર્યક્રમમાં ભાગ લીધેલ હતો. જેઓએ વિવિધ કાર્યક્રમો કરી ઘેર–ઘેર જઇને સ્વચ્છતા વિશેની જાગૃતિ ફેલાવી હતી.
- **સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) અંતર્ગત વર્ષ ૨૦૨૪–૨૫ માટે રૂપિયા ૧૫૪ કરોડ ૭૦ લાખની નવી બાબત સૂચવવામાં આવેલ છે.**
- જેમાં જિલ્લા/તાલુકા/ગ્રામ્ય કક્ષાએ સ્વચ્છતા અંગેની શ્રેષ્ઠ કામગીરી માટે એવોર્ડ તથા પ્રોત્સાહન આપવા માટે બજેટમાં **રૂપિયા ૭૧ કરોડ ૮૦ લાખની નવી બાબતની જોગવાઈ સૂચવવામાં આવેલ છે.** જેથી ગ્રામીણ લોકો સ્વચ્છતા પ્રત્યે વધુ જાગ્રત બને.

- કેલેન્ડર વર્ષના મહિના મુજબ થીમ આધારિત સફાઈ કાર્યક્રમ કરવા તમામ ગામડાઓને વર્ષમાં એક વાર સહાય આપવા **૫ હજાર**થી ઓછી વસ્તી ધરાવતા ગામોમાં ગામ દીઠ રૂપિયા **૨૦ હજાર** અને **૫ હજાર**થી વધુ વસ્તી ધરાવતા ગામોમાં ગામદીઠ રૂપિયા **૩૦ હજાર પેટે રૂપિયા ૩૮ કરોડ ૪૨ લાખની નવી બાબતની જોગવાઈ સૂચવવામાં આવેલ છે.** જેથી સામાજિક પરિવર્તનનો સંચાર થાય.
- રાજયમાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) ફેઝ–૨ અંતર્ગત બનાવવામાં આવેલ વિવિધ મિલકતોની મરામત અને જાળવણી પેટે વર્ષ ૨૦૨૪–૨૫ ના અંદાજપત્રમાં **રૂપિયા ૧૮ કરોડ ૯૮ લાખની નવી બાબતની જોગવાઈ સૂચવવામાં આવેલ છે.** જેથી બનાવવામાં આવેલ મિલકતોની યોગ્ય જાળવણી થાય.
- રાજયના ગ્રામીણ વિસ્તારમાં કલસ્ટર દીઠ ગોબરધન પ્રોજેકટ અંતર્ગત વર્ષ ૨૦૨૪–૨૫ ના અંદાજપત્રમાં **રૂપિયા ૨૫ કરોડ ૫૦ લાખની નવી બાબતની જોગવાઈ સૂચવવામાં આવેલ છે.**

## રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (મિશન મંગલમ)

- રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન થકી રાજ્યની ગ્રામીણ બહેનોનું સામાજીક ઉત્થાન થાય, તેઓનુ જીવનધોરણ ઊંચું આવે અને આર્થિક રીતે પગભર થાય તે માટે ગ્રામીણ વિસ્તારોમાં સ્વ–સહાય જૂથોની રચના કરી તેને આજીવિકાલક્ષી પ્રવૃત્તિઓ સાથે જોડાણ કરી આર્થિક રીતે પગભર બનાવવાનો રાજય સરકારનો ઉદ્દેશ છે.
- વર્ષ ૨૦૨૩–૨૪માં રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન અંતર્ગત **૨૩ હજાર ૪૩૨** સ્વ–સહાય જુથોની રચના કરવામાં આવેલ જેમાં કુલ **૩ લાખ ૫૦ હજાર**થી વધુ પરિવારોને જોડવામાં આવેલ છે.

- ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થા દ્વારા **૧૯ હજાર ૫૦૩** ગ્રામીણ યુવક/યુવતીઓને કૌશલ્ય વર્ધન દ્વારા સ્વ-રોજગાર માટે પ્રશિક્ષિત કરવામાં આવેલ છે.
- ગ્રામીણ મહિલાઓ દ્વારા ઉત્પાદિત ચીજ-વસ્તુઓનું સરસ મેળામાં **૯ કરોડ**, ૭ પ્રાદેશિક મેળાઓમાં **૫ કરોડ**, રાખી મેળામાં **૨૬ લાખ** અને નવરાત્રિ મેળામાં **૩૫ લાખનું** વેચાણ થયેલ છે.
- વર્ષ ૨૦૨૪-૨૫ ના બજેટમાં ગ્રામીણ મહિલાઓને સ્વ-સહાય જૂથો સાથે જોડી સશક્ત કરવા, તાલીમ આપી નિષ્ક્રીય સ્વ-સહાય જૂથોને સક્રીય કરવા રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન હેઠળ માટે **રૂપિયા ૨૬૧ કરોડ ૭૯ લાખની જોગવાઈ સૂચવવામાં આવેલ છે.**
- **રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન અંતર્ગત વર્ષ ૨૦૨૪-૨૫ માટે રૂપિયા ૧૨૮ કરોડ ૫૯ લાખની નવી બાબત તરીકે સૂચવવામાં આવેલ છે.**
- જેમાં રાજ્યના મહત્વાકાંક્ષી તાલુકાઓ અને જિલ્લાઓમાં અંત્યોદય પરિવારોની **૫૦ હજાર** મહિલાઓને તાલીમ અને નાણાંકીય મદદ આપી ક્ષમતા વર્ધન કરીને **"સશક્ત અને આત્મનિર્ભર"** બનાવી **લખપતિ દીદી** બનવા તેઓ સમર્થ બને તે માટે **રૂપિયા ૧૦૦ કરોડની જોગવાઈ સૂચવવામાં આવેલ છે.**
- આગામી ૫ વર્ષમાં ગુજરાત રાજ્યના **૧૦ લાખ** ગ્રામીણ મહિલાઓના સ્વ-સહાય જૂથને સામાજિક સાહસોના માધ્યમથી આજીવિકા સાથે જોડાણ કરી **રૂપિયા ૧૦ કરોડ સોશિયલ એન્ટરપ્રાઈઝ ફંડ આપવાની જોગવાઈ સૂચવવામાં આવેલ છે.**
- વર્ષ ૨૦૨૪-૨૫માં સ્વ-સહાય જૂથોમાં આર્થિક પ્રવૃતિમાં તંદુરસ્ત હરીફાઈ યોજાય તે હેતુસર વાર્ષિક પ્રોત્સાહક રકમ આપવા **રૂપિયા ૫ કરોડની જોગવાઈ સૂચવવામાં આવેલ છે.**

**મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ**

- રાજયમાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ ગ્રામીણ પરિવારોને શારિરીક શ્રમથી થઈ શકે તેવું બિનકુશળ કામ કરવા **ઈચ્છુક હોય તેવા દરેક કુટુંબ**ની જીવનનિર્વાહની તકો વધારવા માટે કુટુંબદીઠ નાણાંકીય વર્ષમાં વધુમાં વધુ **૧૦૦ દિવસ** રોજગારી અને વેતન માટે હકદાર બનાવે છે. આ અધિનિયમ હેઠળ **૨૬૫** થી વધુ પ્રકારના વ્યક્તિગત અને સામુદાયિક કામો આવરી લેવાયા છે. જે અંતર્ગત મજુરી પાછળ થતો ખર્ચ **૧૦૦ ટકા ભારત સરકાર** દ્વારા ફાળવવામાં આવે છે. જયારે માલ-સામાન ખર્ચના **૭૫ ટકા કેન્દ્ર સરકાર** તથા **૨૫ ટકા રાજય સરકાર** દ્વારા ફાળવવામાં આવે છે. જેમાં વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન તા.૧૪/૦૨/૨૦૨૪ ની સ્થિતિએ રૂપિયા **૫૬૮ કરોડ ૬૮ લાખ** જેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે. જેમાં **૨૫ ટકા** ખર્ચ રાજય સરકાર દ્વારા કરવામાં આવેલ છે.
- વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન અકુશળ શ્રમિકોને દૈનિક વેતન દર **રૂપિયા ૨૫૬** છે.
- વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન ગ્રામિણ પરિવારોને કુલ **૫૦૦ લાખ** માનવદિનના લક્ષ્યાંકની સામે **૪૨૩.૨૧ લાખ માનવદિનની એટલે કે લક્ષ્યાંકના ૮૪% રોજગારી** પૂરી પાડવામાં આવેલ છે.
- વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન તા. ૩૦મી જાન્યુઆરી-૨૦૨૪ સુધીમાં મનરેગા યોજના હેઠળ રાજ્યમાં **૯ લાખ ૧૭ હજાર** પરિવારોના કુલ **૧૩ લાખ ૯૩ હજાર** વ્યક્તિઓને રોજગારી આપવામાં આવી છે.
- વર્ષ ૨૦૨૨-૨૩માં રૂપિયા **૧૯૭૩.૬૪ કરોડ** ખર્ચ થવા પામેલ છે. તેમજ વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન જાન્યુઆરી-૨૦૨૪ અંતિત **રૂપિયા ૧૫૯૮.૮૩ કરોડ** નો ખર્ચ થયેલ છે.

- મનરેગા યોજનામાં મહિલાઓની ભાગીદારી પર વ્યાપક ધ્યાન આપવાને કારણે મહિલા મજૂરોની ભાગીદારી વધી છે. વર્ષ ૨૦૨૩–૨૪ માં મહિલાઓની ભાગીદારી **૪૬.૯૬%** નોંધાયેલ છે.
- નાણાંકીય વર્ષ ૨૦૨૪–૨૫ દરમિયાન કુલ **૫૮૦ લાખ** માનવદિન રોજગારી પૂરી પાડવાનો લક્ષ્યાંક રાખવામાં આવેલ છે જે માટે **રૂપિયા ૧૩૦૯.૩૫ કરોડની બજેટ જોગવાઈ સૂચવવામાં આવેલ છે.**

**મનરેગા યોજના હેઠળ પારદર્શિતા માટે લેવાયેલ પગલાં:**

- તમામ જોબ કાર્ડ ડિજીટલ કરવામાં આવ્યા છે અને શ્રમિકોના બેંક ખાતાઓને આધાર સાથે જોડવામાં આવ્યા છે. તેમજ **૨૭ લાખ ૬૬ હજાર** કાર્યરત શ્રમિકો પૈકીના **૯૫.૧%** શ્રમિકોના બેંક ખાતામાં આધાર બેઝડ પેમેન્ટ સીસ્ટમ માટે સક્ષમ બનેલ છે.
- **એરિયા ઓફીસર એપ્લીકેશન :** કાર્યસ્થળનું નિરીક્ષણ કરવા અને તેમની નોંધ ડિજિટલ રીતે રેકોર્ડ કરવા માટે તાલુકા, જિલ્લા અને રાજ્ય સ્તરના મુખ્ય અમલીકરણ અધિકારીઓ એરિયા ઓફિસર એપ્લિકેશનનો ઉપયોગ કરી રહ્યા છે. જેનાથી વર્ષ ૨૦૨૩–૨૪ દરમિયાન મનરેગા હેઠળ ચાલી રહેલ કુલ **૩૮ હજાર ૫૧૭ કામો**ની સ્થળ મુલાકાતો લેવામાં આવી છે.
- **નેશનલ મોબાઈલ મોનિટરિંગ સિસ્ટમ :** મનરેગા યોજના હેઠળ કામના સ્થળ પર મજૂરોની હાજરી હવે વેબ અને મોબાઈલ આધારિત નેશનલ મોબાઈલ મોનિટરિંગ સિસ્ટમ દ્વારા નોંધવામાં આવી રહી છે.
- **સ્વતંત્ર સામાજિક ઓડિટ યુનિટ :** વર્ષ ૨૦૨૩–૨૪ દરમિયાન **૯ હજાર ૩૨૬** ગ્રામ પંચાયતોનું સામાજિક ઓડિટ પૂર્ણ કરવામાં આવ્યું છે.
- રાજ્યમાં મનરેગા યોજના હેઠળ ચાલી રહેલ કામો કે જ્યાં મોટી સંખ્યામાં મજૂરોને રોજગારી આપવામાં આવી રહેલ છે તેવા કામોના પ્રાયોગિક ધોરણે

ડ્રોન દ્વારા નિરીક્ષણના સફળ પ્રયોગના આધારે તે વ્યવસ્થા વધુ સુદૃઢ કરવામાં આવનાર છે.

**અમૃત સરોવર:**

- વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા ૨૨ એપ્રિલ ૨૦૨૨ ના રોજ કરેલા આહવાનના પ્રતિસાદરૂપે ભારત સરકારશ્રી દ્વારા દેશના તમામ જિલ્લાઓમાં **૭૫** અમૃત સરોવરના નવનિર્માણ/નવિનીકરણ કરવાનું નક્કી કરવામાં આવેલ હતું. જેમાં ગુજરાત રાજ્યના કુલ **૨ હજાર ૪૭૫** અમૃત સરોવરના લક્ષ્યાંક સામે **૨ હજાર ૬૪૯** અમૃત સરોવર નિર્માણ માટે કામગીરી હાથ ધરવામાં આવી, જે તમામ **૨ હજાર ૬૪૯ (લક્ષ્યના ૧૦૭%)** અમૃત સરોવરોનું નિર્માણ/નવિનીકરણ પૂર્ણ કરી સ્થાનિક આગેવાનો, સ્વતંત્રતા સંગ્રામના સેનાનીઓ, શહીદ વીરોના પરિવારજનો, વયોવૃદ્ધો અને ગામના નાગરિકોની ઉપસ્થિતિમાં ધ્વજવંદન સમારોહ યોજવામાં આવ્યો હતો.

**પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના – વોટરશેડ ડેવલપમેન્ટ કમ્પોનન્ટ ૨.૦**

- વર્ષ ૨૦૧૫–૧૬માં સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજનામાં સમાવેશ કરવામાં આવેલ છે અને આ યોજના પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના–વોટરશેડ કમ્પોનન્ટ તરીકે સામેલ થયેલ. વર્ષ ૨૦૨૧–૨૨ થી પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના–વોટરશેડ કમ્પોનન્ટ ૨.૦ તરીકે ઓળખવામાં આવે છે.
- વર્ષ ૨૦૨૩–૨૪માં જમીન અને ભેજ સંરક્ષણના, જળસંગ્રહના અને ભૂ–જળરિચાર્જના કુલ **૧૦ હજાર ૨૩૩ કામો** તેમજ આજીવિકા વૃધ્ધિને લગત **૨૯ હજાર ૯૬૮ કામો** પૂર્ણ થયેલ છે. જાન્યુઆરી–૨૪ અંતિત **રૂપિયા ૧૬૧ કરોડ ૩૬ લાખ**નો ખર્ચ થયેલ છે.
- **વોટરશેડ અંતર્ગત વર્ષ–૨૦૨૪–૨૫ માટે કુલ રૂપિયા ૨૫૪ કરોડ ૭૫ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે.**

આમ, ગ્રામ વિકાસ વિભાગ ગ્રામીણ વિસ્તારના લોકોનો સર્વાંગી વિકાસ થાય અને યોજનાઓનું અસરકારક અમલીકરણ થાય સાથે –સાથે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબના વડપણ હેઠળ વિકસિત ભારત ૨૦૪૭ના સંકલ્પ સાકાર થાય તે માટે સતત પ્રયત્નશીલ રહેશે.